# मौसम मित्र

पर्यावरण एवं जलवायु के अधिकारों पर युवाओं की आवाज - गुजरात

## પર્યાવરણ વાર્ષિક અંક : 1 વર્ષ : 2023

**પર્યાવરણ મિત્ર વર્ષ 1997 થી ગુજરાત રાજ્યમાં પર્યાવરણ રક્ષા માટે નિસ્બતધારકોના સહયોગથી કાર્યરત છે. પ્રદૂષણ સામે લોકોની લડત હોય, જૈવવિવિધતાના રક્ષણ માટેનું અભિયાન હોય કે પર્યાવરણીય કાયદામાં આવતા ફેરફારોની વાત હોય – તમામ માટે સ્થાનિક લોકોનો અવાજ બનીને પર્યાવરણમિત્ર સક્રિય રહ્યું છે, રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ સુધી વંચિતોના પર્યાવરણીય અધિકારોની વાત પહોંચાડતું રહ્યું છે. યુવાનો, મહિલાઓ, ખેડૂતો, માછીમારો, આદિવાસીઓ સૌ સુધી પર્યાવરણીય શિક્ષણ અને સંવેદનશીલતા પ્રસાર કરવા પર્યાવરણમિત્ર પ્રયત્નશીલ છે.**

**BMZ ફેડરલ મિનિસ્ટ્રી ફોર ઇકોનોમિક કોઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (જર્મની) દ્વારા સમર્થિત "લોકલ ટુ ગ્લોબલ: સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણના અધિકાર માટે યુવાનોની આગેવાની હેઠળની પ્રવૃત્તિઓનું મજબૂતીકરણ, નેટવર્કિંગ અને ક્ષમતા નિર્માણ" પ્રોજેક્ટ અંતર્ગત પર્યાવરણમિત્ર ચાર રાજ્યોમાં સક્રિય કામગીરી કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ યુવાનોને જ્ઞાન, પક્રિયા અને નીતિઓને પ્રભાવિત કરવાની ત્રણ મુખ્ય વ્યૂહરચનાઓ દ્વારા પ્રવૃતિઓને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરે છે.**

## લુપ્ત થઈ રહેલી ચકલીનો કલરવ ગુંજતો રાખવા ચકલીઘર વિતરણની યુવાઓની પહેલ

એક સમય હતો જ્યારે ચકલીની ચિચિયારી ગામડા અને શહેરોમાં ગુંજતી હતી, પરંતુ બદલાતા સમયની સાથે ધીમેધીમે ચકલીઓની પ્રજાતિ લુપ્ત થઇ રહી છે અને ચકલીનો કલરવ સાંભળવો હવે મુશ્કેલ છે. આથી ચકલીની પ્રજાતિને લુપ્ત થતી અટકાવવા સમગ્ર વિશ્વમાં આજે 20 માર્ચના રોજ 'વિશ્વ ચકલી દીવસ'ની ઉજવણી કરવામાં આવે છે, પરંતુ અહીં સવાલ એ છે કે, વિશ્વ ચકલી દિવસની ઉજવણી સાથે શું ખરેખર ચકલીના બચાવ માટે કોઇ નક્કર કામગીરી થાય છે તે એક મોટો સવાલ છે.

**ચકલીની વાર્તા હવે માત્ર પુસ્તકોમાં મર્યાદિત રહી ગઈ :** એક હતી ચકી એક હતો ચકો, ચકી લાવી ચોખાનો દાણો ચકો લાવ્યો મગનો દાણો બંનેએ રાંધી ખીચડી આ ચકા ચકીની સરસ મજાની વાર્તા હવે માત્ર પુસ્તકોમાં મર્યાદિત રહી ગઈ છે. આજે ચકલીઓ પોતાના અસ્તિત્વ સામે ઘરઆંગણે અને વૃક્ષો ઉપર ચી. ચી. ચી. કરનારી ચકલીની પ્રજાતિ નામશેષ થવાના આરે આવીને ઊભી છે.




**પાછલાં કેટલાક વર્ષોમાં ચકલીઓની ઓછી થતી સંખ્યા :** પાછલાં કેટલાક વર્ષોમાં શહેરોમાં ચકલીઓની ઓછી થતી સંખ્યા પર ચિંતા પ્રગટ કરવાના પ્રયત્નો

થઇ રહ્યા છે. આધુનિક સ્થાપત્યની બહુમજલી ઇમારતોમાં ચકલીઓને રહેવા માટે પુરાણી ઢબનાં ઘરોની જેમ જગ્યા નથી મળી શકતી. સુપરમાર્કેટ સંસ્કૃતિના કારણે પુરાણી પંસારીની દુકાનો ઘટી રહી છે. આ કારણે ચકલીઓને ચણ મળતી નથી. આ ઉપરાંત મોબાઇલ ટાવરોમાંથી નિકળતા તંરગોં પણ ચકલીઓના સામાન્ય જીવન માટે હાનિકારક માનવામાં આવે છે. આ તંરગો ચકલીની દિશા શોધવાની પ્રણાલીને પ્રભાવિત કરી રહી છે અને એના પ્રજનન પર પણ વિપરીત અસર પડી રહી છે, જેના પરિણામ સ્વરૂપ ચકલીઓ ઝડપથી લુપ્ત થઇ રહી છે.

**ચકલી વધારે તાપમાન સહન નથી કરી શકતી :** ચકલીને ખોરાક તરીકે ઘાસનાં બીજ ખુબ જ પસંદ પડે છે, જે શહેરની અપેક્ષામાં ગ્રામીણ ક્ષેત્રોમાં આસાનીથી મળી જાય છે. વધારે તાપમાન પણ ચકલી સહન નથી કરી શકતી. પ્રદૂષણ અને વિકિરણના કારણે શહેરોનું તાપમાન વધી રહ્યું છે. કબૂતરને ધાર્મિક કારણોથી વધારે મહત્વ આપવામાં આવે છે. ચણ નાખવાની જગ્યા પર પણ કબૂતર વધારે હોય છે. પણ ચકલીઓ માટે આ પ્રકારની કોઇ વ્યવસ્થા નથી હોતી. ખોરાક અને માળાની તલાશમાં ચકલીઓ શહેરથી દૂરના વિસ્તારોમાં જતી રહે છે અને પોતાના નવા આશરાનું સ્થાન શોધી લે છે.

વિશ્વ ચકલી દિવસ: ચકલી એક સમયે આપણા ઘરમાં આપણી આસપાસ ચી..ચી..કરીને પોતાની હાજરી પૂરવાર કરતી હતી, પરંતુ હવે આ ચકલીની પ્રજાતિ લુપ્ત થવાના આરે આવી પહોંચી છે, ત્યારે 20 માર્ચે 'વિશ્વ ચકલી દિવસ' (World Sparrow Day) તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ ચકલી દિનની ઉજવણીનો હેતુ આપણી આસપાસના પરિસરમાં, રોજિંદા જીવનમાં ચકલી જેવા માનવ મિત્ર પક્ષીની ઘટતી જતી સંખ્યા અંગે જાગૃતિ કેળવવાનો છે. બાળપોથીમાં ગુંજતુ ગીત "ચકી બેન ચકી બેન મારી સાથે રમશો કે નઈ ?" ને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા વિશ્વ ચકલી દિન નિમિત્તે આપાણાં ઘર આંગણાના મિત્રનું જતન કરવું તેમજ સંવર્ધન કરવુ જોઈએ.

ચકલી બચાવો અભિયાન અંતર્ગત પર્યાવરણમિત્ર અન્ય સંસ્થાઓના સહયોગથી ચકલીના માળા તેમજ પાણી પીવાના કુંડાનું વિતરણ કરી આ નાશઃપ્રાય પ્રજાતિને બચાવી લેવાના પ્રયાસો કરી રહ્યું છે.

---

**Recycle (પુનઃચક્રીકરણ):** પ્લાસ્ટિક કાગળ, કાચ અને ધાતુ જેવી વસ્તુઓનું નવું ઉત્પાદન કરવાને બદલે તેનું પુનઃ ચક્રીકરણ કરીને જરૂરી વસ્તુઓ બનવવી જોઈએ. પુનઃ ચક્રીકરણ કરી શકાય તેવા કચરાને અન્ય કચરાથી અલગ એકઠો કરવો જોઈએ.

**Reduce (ઘટાડો)** તમારે ઓછામાં ઓછી વસ્તુઓનો ઉપયોગ કરવો

**Refuse (ના પાડવું):** તમારે જરૂર ના હોય તેવી વસ્તુ લોકો તમને આપે તો તમે ના પાડો તમને તથા પર્યાવરણને હાનિકારક હોય તેવા ઉત્પાદનો ખરીદવાની ના પાડો. એક જ વાર વાપરી શકાય તેવી પ્લાસ્ટિકની કોથળી માટે પણ ના પાડો.

પર્યાવરણ બચાવવા માટે આ બાબતોનું ધ્યાન રાખવું.

**Purpose (હેતુ):** જો મૂળભૂત હેતુ માટે કોઈ ઉત્પાદનો ઉપયોગ ન થઈ શકે તેમ હોય ત્યારે વિચારીને તેનો કોઈ હેતુ માટે ઉપયોગ કરવો. ઉદાહરણ તરીકે હેન્ડલ તૂટી ગયા હોય તેવી કાચની બરણી કે કપનો ઉપયોગ નાના છોડને ઉગાડવા કે પક્ષીઓને ચણ નાખવા કરી શકાય.



માહિતી સંકલન – આલેખન
વાઘેલા પાયલ વિજયભાઇ

**Reuse(પુનઃઉપયોગિતા):** તમે કોઈ વસ્તુનો વારંવાર ઉપયોગ કરો છો. જેમકે, પરબીડિયાને ફેંકી દેવાની જગ્યાએ તમે તેને ઉલટાવીને ફરીથી ઉપયોગ કરી શકો છો.

"હું શ્રી સુલતાનપુર પ્રાથમિક શાળા, તાલુકો માળીયા મિયાણા, જિલ્લા મોરબીનો આચાર્ય છું.છેલ્લા એક વર્ષથી મારી શાળામાં પર્યાવરણ મિત્ર દ્વારા ક્લાઇમેટ ચેઈન્જ અને પર્યાવરણ સરંક્ષણ અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન નિયમિત રીતે થઇ રહ્યું છે.
અમારી શાળામાં વિશ્વ પાણી દિવસ, વિશ્વ વન દિવસ, વિશ્વ ચકલી દિવસ વગેરેની ઉજવણી કરવામાં આવી. આ ઉપરાંત શાળામાં ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરીને બાળકોમાં પર્યાવરણના કાર્યો પ્રત્યે રુચિ વધે તેવા પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે. શાળાના બાળકોને પર્યાવરણના નાના-નાના પ્રોજેક્ટો હાથ ધરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.
શાળામાં વેસ્ટમાથી બેસ્ટ, હરબેરિયમ તૈયાર કરવા વગેરે કાર્યક્રમોને પણ સતત પ્રોત્સાહન મળી રહેલ છે. જે માટે હું શાળા વતી પર્યાવરણ મિત્રનો આભાર માનું છું. ભવિષ્યમાં પણ અમારી શાળામાં આવા કાર્યક્રમો યોજાતા રહેશે તેવી અપેક્ષા રાખું છું."

શ્રી. શૈલેશભાઈ મકવાણા, ઇન્ચાર્જ આચાર્ય, શ્રી સુલ્તાનપુર પ્રાથમિક શાળા,

## અમારી પ્રવૃતિઓની તસવીરી ઝલક














## પ્લાસ્ટિક મુક્ત શાળા બનાવવા યુવામિત્રોની કામગીરી





પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે લીધેલા પગલાં દરમિયાન શીખવા મળ્યું કે આપણા સ્વાર્થ માટે કોઈને નુકશાન ન પહોંચાડવું

"પર્યાવરણ બચાવવા માટે સૌ પ્રથમ અમે શરૂઆત અમારી શાળાથી કરી. અમે અમારી શાળાને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માંગીએ છીએ. અમે યાદી બનાવીને દંડ સ્વરૂપે રૂ.૧૦ વસૂલીએ છીએ. એ ઉપરાંત અમે અમારી શાળાના કેમ્પસમાં જ્યાં કચરો પડ્યો હોય તે બધો કચરો ભેગો કરીને તેને એક સ્થાને ભેગો કરી દીધો. એ ઉપરાંત અમે કાગળનો પણ બગાડ કરતા નથી. અને ચોપડીના કાગળનો જરૂર પૂરતો જ ઉપયોગ કરીએ છીએ. અમે જળનો પણ વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ છીએ. અમારી નજરમાં કોઈ ટપકતો નળ દેખાય તો તરત જ અમે તે નળ બંધ કરી દઈએ છીએ.

આપણે જાણીએ છીએ કે પ્લાસ્ટિક હજારો વર્ષ સુધી સડતું નથી. આપણે ગમે ત્યાં ફેકેલુ પ્લાસ્ટિક જમીનમાં ભળવાથી જમીન-પ્રદૂષણ થાય છે. પ્લાસ્ટિક સળગાવાથી ઝેરી વાયુ ઉત્પન્ન થાય છે. જે આપણા શ્વાસની અંદર આવે તો આપણને કેન્સર જેવા રોગો થાય છે. પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાથી તેને સળગાવવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. આથી વધુ પ્રદૂષણની સમસ્યામાં સુધારો થઈ શકે છે. પ્લાસ્ટિકનો કચરો ગમે ત્યાં ન ફેકતા નદી, નાળા, જમીન પર ચારેબાજુ પ્લાસ્ટિક જોવા મળશે નહીં. આથી જમીન તથા જળ પ્રદૂષણની સમસ્યામાં પણ સુધારો થાય છે.."

(આલેખન : બાવળિયા નિધિ મુકેશભાઇ, ધોરણ: ૧૧, શ્રી ભાગીરથી ઉત્તર બુનિયાદી વિદ્યાલય – ટાટમ)

સંપાદક : તુષાર પંચોલી (સંપર્ક – 9427726897 greenearth2@rediffmail.com)
સંપાદકીય સહાય: ફાલ્ગુની જોષી

**પ્રકાશક:**

પર્યાવરણ મિત્ર 502 રાજ એવન્યુ, ભાઈકાકાનગર રોડ,
થલતેજ ચાર રસ્તા પાસે, અમદાવાદ – 380059 ફોન : 079-48950365
**E-mail:** paryavaranmitra@yahoo.com **Website:** http://paryavaranmitra.org.in/
ફકત ખાનગી વિતરણ અને શૈક્ષણિક હેતુ માટે પ્રકાશિત

german cooperation DEUTSCHE ZUSAMMENARBEIT

terre des hommes Help for Children in Need

PARYAVARAN MITRA